# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2025નું ઉદ્ઘાટન કર્યું.

2) પ્રધાનમંત્રીએ આજે રાજસ્થાનમાં એક લાખ 22 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

3) સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેના માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે 62 હજાર કરોડ રૂપિયાથી વધુનાં કરાર કર્યાં.

4) ભારતીય જનતા પાર્ટીએ આજથી દેશભરમાં આત્મનિર્ભર ભારત અને હર ઘર સ્વદેશી અભિયાન શરૂ કર્યું

5) ભારતીય નિશાનેબાજોએ ISSF જુનિયર વર્લ્ડ કપમાં પાંચ ચંદ્રક જીત્યા.

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. FISH TECH PAVLION-WORLD FOOD INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આજથી 28 સપ્ટેમ્બર સુધી યોજાનારા વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2025નું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે વિવિધ પ્રદર્શની નિહાળી અને વેપારીઓ સાથે સંવાદ કરી માહિતી મેળવી. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ આ પરિષદમાં આવેલા તમામ પ્રતિષ્ઠીત મહેમાનોને અભિનંદન પાઠવ્યા. વિશ્વ ખાદ્ય ક્ષેત્ર ભારત સામે આશાથી જોઈ રહ્યું છે. ગત એક દાયકામાં ભારત 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લવાયા હોવાનું શ્રી મોદીએ ઉમેર્યું.

અગાઉ મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી પ્રોફેસર એસપી સિંઘ બઘેલે આજે નવી દિલ્હીમાં વર્લ્ડ ફૂડ ઇન્ડિયા 2025માં ફિશ ટેક પેવેલિયનનું ઉદ્ઘાટન કર્યું. મીડિયા સાથે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ભારત સાઠ હજાર કરોડ રૂપિયાથી વધુની નિકાસ સાથે વિશ્વમાં માછલી ઉત્પાદનમાં બીજા ક્રમના સૌથી મોટા દેશોમાંનો એક છે. શ્રી બઘેલે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં મૂલ્યવર્ધન અને નવીનતા પર પણ પ્રકાશ પાડ્યો , જેમાં એક્વા સર્વેલન્સ સિસ્ટમ , પાંજરા દ્વારા જળચરઉછેર, દરિયાઈ અને આંતરિક વિકાસ, જાળી બનાવવા, બોટ બનાવવા અને ટ્રાન્સપોન્ડરનો સમાવેશ થાય છે.

પેવેલિયનનું મુખ્ય આકર્ષણ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વિકસાવવામાં આવેલ પ્રોટોટાઇપ ડ્રોન છે. આ ડ્રોન 70 કિલો સુધી માછલી અને જળચરઉદ્યોગ ઉત્પાદનોના પરિવહન માટે રચાયેલ છે, જે સંગ્રહ બિંદુઓથી બજારો સુધી ઝડપી અને કાર્યક્ષમ પરિવહનને સક્ષમ બનાવે છે.

. . . . . . . . . . . .

# PM-RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના બાંસવાડામાં એક લાખ 22 હજાર કરોડ રૂપિયા થી વધુની વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે માહી બંધ નજીક નાપલા ખાતે માહી બાંસવાડા રાજસ્થાન પરમાણુ ઉર્જા પરિયોજનાનું ખાતમુહૂર્ત કર્યું. આશરે 42 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે, આ પરિયોજનામાં 700 મેગાવોટની ક્ષમતા ધરાવતા ચાર પરમાણુ ઉર્જા એકમોનો સમાવેશ થશે. પ્રધાનમંત્રીએ સૌર ઉર્જા , પીવાનું પાણી, આરોગ્યસંભાળ, માળખાગત સુવિધાઓ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોના ક્ષેત્રોમાં હજારો કરોડ રૂપિયાના અનેક પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ ક ર્યું. તેમણે રાજ્યમાં ત્રણ નવી રેલ સેવાઓને પણ લીલીઝંડી આપી.

(BYTE -- ELECTRIC)

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ એક વિશાળ જાહેર સભાને પણ સંબોધિત કરી. તાજેતરના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સુધારાઓ અંગે, શ્રી મોદીએ કહ્યું કે દૈનિક જરૂરિયાતો સસ્તી થઈ છે, જેના કારણે ઘરગથ્થુ ખર્ચમાં ઘટાડો થયો છે

(BYTE --NARENDRA MODI, GST)

શ્રી મોદીએ કહ્યું કે રાજસ્થાન એક ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બની રહ્યું છે , જે ભારતના ઉર્જા ક્ષેત્રમાં એક નવો અધ્યાય ખોલી રહ્યું છે . પ્રધાનમંત્રીએ સૌર ઉર્જાથી લઈને પરમાણુ ઉર્જા સુધી દેશની પ્રગતિમાં વીજળીની મહત્વપૂર્ણ ભૂમિકાની નોંધ લીધી. તેમણે કહ્યું કે અગાઉની સરકારોએ વીજ ક્ષેત્રની અવગણના કરી હતી , પરંતુ છેલ્લા દાયકામાં વીજ ઉત્પાદનમાં અભૂતપૂર્વ વિસ્તરણ થયું છે. તેમણે કહ્યું કે સ્વચ્છ ઉર્જા એક જન આંદોલનમાં પરિવર્તિત થઈ રહી છે.

આદિવાસી કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા અંગે તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ આદિવાસી સમુદાયોની અવગણના કરી છે , જ્યારે ભાજપે તેમના સન્માન , સશક્તિકરણ અને સાંસ્કૃતિક સંરક્ષણ માટે સતત કામ કર્યું છે.

. . . . . . . . . . . . .

# DEFENCE - LCA

સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેના માટે ૯૭ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ MK-1 A ખરીદવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે 62 હજાર કરોડ રૂપિયાથી વધુના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ૬૮ ફાઇટર એરક્રાફ્ટ અને ૨૯ ટ્વીન-સીટર એરક્રાફ્ટ, ભારતીય વાયુસેના માટે સંબંધિત સાધનોનો સમાવેશ થાય છે. આ વિમાનોની ડિલિવરી 2027-28 દરમિયાન શરૂ થશે અને છ વર્ષના સમયગાળામાં પૂર્ણ થશે.

આ વિમાનોના ઉત્પાદનથી છ વર્ષના સમયગાળામાં દર વર્ષે 11 હજારથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

........

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# GST

આગામી પેઢીના GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.. નવા માળખા હેઠળ , GST પરિષદે અગાઉના 5 ટકા, 12 ટકા, 18 ટકા, 28 ટકાના ચાર-સ્તરીય માળખાને 5 ટકા અને 18 ટકાના બે સ્તરીય માળખામાં સરળ બનાવ્યું છે. વિવિધ પ્રકારના માલ અને સેવાઓ પર કર દર ઘટાડીને , આ સુધારા નાગરિકોને નોંધપાત્ર રાહત આપી રહ્યા છે. સાંભળીએ, એક અહેવાલ

(VC-SHIVANG IN ENG/DRISHTI IN HIN)

*(સામાન્ય માણસ માટે પર્યાવરણને અનુકૂળ પરિવહન સુલભ અને સસ્તું બનાવવા માટે, સરકારે સાયકલ ઉદ્યોગને નોંધપાત્ર રાહત આપી છે. સાયકલ પર GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. GST પરિષદે સાયકલના ભાગો પરના કર દરને ઘટાડીને 5 ટકા કર્યો છે જે અગાઉ 12 ટકા કર માળખામાં આવતો હતો. આ પહેલથી રોજિંદા મુસાફરો, ગ્રામીણ ઘરો અને વિદ્યાર્થીઓ માટે સાયકલ વધુ ઉપયોગી બનશે એટલું જ નહીં , પરંતુ સમગ્ર દેશમાં પર્યાવરણને અનુકૂળ ગતિશીલતાને પણ પ્રોત્સાહન આપશે. કર ઘટાડાથી સાયકલ ઉત્પાદન ક્ષેત્ર, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને ખૂબ જ જરૂરી પ્રોત્સાહન મળશે. આ મહિનાની 21મી તારીખે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા અપીલ કરી છે , જે સ્થાનિક ઉદ્યોગો , નાના ઉત્પાદકો, સ્થાનિક કારીગરો અને MSME ને ટેકો આપે છે.*

*ચૈતાલી જોશી, આકાશવાણી સમાચાર)*

. . . . .

# BJP-SWADESHI

ભારતીય જનતા પાર્ટીએ આજથી દેશભરમાં આત્મનિર્ભર ભારત અને હર ઘર સ્વદેશી અભિયાન શરૂ કર્યું છે. નવી દિલ્હીમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં પાર્ટીના મહાસચિવ અરુણ સિંહે જાહેરાત કરી કે આ અભિયાન 25 ડિસેમ્બરે પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગિય અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ સુધી ચાલુ રહેશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ લીધો છે અને આ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ આત્મનિર્ભર ભારત દ્વારા જ છે.

શ્રી સિંહે કહ્યું કે આ 90 દિવસના અભિયાન દરમિયાન , ભાજપ અને તેના કાર્યકરો દેશભરના લોકો સુધી પહોંચશે અને તેમને સ્વદેશી ઉત્પાદનોને ટેકો આપવા અને ખરીદવા માટે પ્રોત્સાહિત કરશે.

.........

# HARDEEP SINGH - WORLD HYDROGEN SUMMIT

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંઘ પુરીએ જણાવ્યું હતું કે ભારતે અપેક્ષા કરતા છ વર્ષ વહેલા 20 ટકા બાયોફ્યુઅલ મિશ્રણનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો છે. આજે નવી દિલ્હીમાં વિશ્વ હાઇડ્રોજન ભારત સંમેલનને સંબોધતા તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, વર્ષ 2030 સુધીમાં 5 મિલિયન ટન ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરવાનો ભારતનો લક્ષ્યાંક છે. શ્રી સિંહે કહ્યું કે ગ્રીન હાઇડ્રોજન ભવિષ્યનું બળતણ છે અને જ્યાં સ્થાનિક માંગ , સ્થાનિક ઉત્પાદન અને સ્થાનિક વપરાશ હશે ત્યાં તે સફળ થશે.

શ્રી સિંહે માહિતી આપી હતી કે ભારતના તેલ અને ગેસ જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ ઊર્જા સંક્રમણનું નેતૃત્વ કરવા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ મિલિયન ટન ગ્રીન હાઇડ્રોજન સ્થાપિત કરવાની યોજના જાહેર કરી છે.. તેમણે કહ્યું કે ઓછી કિંમતની સૌર ઉર્જા , વિશાળ સ્થાનિક માંગ આધાર અને અજોડ એન્જિનિયરિંગ પ્રતિભા સાથે ભારત ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક ચેમ્પિયન તરીકે ઉભરી આવશે. નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ , રોડ ટ્રાન્સપોર્ટ માટે દેશના વિવિધ ભાગોમાં ૩૭ વાહનો, બસો અને ટ્રક અને ૯ હાઇડ્રોજન રિફ્યુઅલિંગ સ્ટેશન છે

. . . . . . . .

# SHIVRAJ- VIRTUAL INAUGRATE

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંધ ચૌહાણે આજે નવી દિલ્હીમાં સિક્કિમ બાગાયત મહાવિદ્યાલયના નવા વહીવટી અને શૈક્ષણિક ભવનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી સિંહે કહ્યું કે 52 કરોડ રૂપિયાની આ પરિયોજના સિક્કિમ અને સમગ્ર ઉત્તર-પૂર્વ ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને ખેડૂતો માટે એક નવી દિશા પ્રદાન કરશે.

તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ માત્ર પાક ઉત્પાદન તકનીકો જ શીખશે નહીં પરંતુ પ્રસંસ્કરણ, પેકેજિંગ, માર્કેટિંગ અને નિકાસ વિશે પણ ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ પરિસર રાજ્યને ગ્રીન ઇકોનોમી માટે એક આદર્શ બનાવવામાં મદદ કરશે.

....

# ISSF JUNIOR WORLD CUP

ભારતીય શૂટર્સે આજે નવી દિલ્હીમાં ISSF જુનિયર વર્લ્ડ કપમાં પાંચ મેડલ જીતીને દેશને મજબૂત શરૂઆત અપાવી . મહિલાઓની ૫૦ મીટર રાઇફલ પ્રોન ઇવેન્ટમાં અનુષ્કા શર્માએ સુવર્ણ , અંશિકાએ રજત અને આધ્યા અગ્રવાલે કાંશ્ય ચંદ્રક જીત્યો. પુરુષોની સ્પર્ધા માં દીપેન્દ્ર સિંઘ શેખાવતે રજત અને રોહિત કાન્યાને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

........

# BJP-BIHAR INCHARGE

ભાજપે આજે આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને પક્ષના ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે . પક્ષે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલ અને ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે પણ નિયુક્ત કર્યા છે.

. . . .